Annexure-3

કોરોનાથી આંશિક

(પ્રથમ પાનાનું ચાલુ)

[illegible]

કાળાબજાર કોણ

(પ્રથમ પાનાનું ચાલુ)

[illegible]

હુમલાખોર પાર્ટીમાં સામેલ એક યુવતીનો બોયફ્રેન્ડ જ હતો

કોલારાડોના એક ઘરમાં ચાલતી બર્થ ડે પાર્ટીમાં ગોળીબાર : ૬નાં મોત

હુમલાખોરે છ લોકોને મોતને ઘાટ ઉતાર્યા પછી પોતાને પણ ગોળી મારી આત્મહત્યા કરી લીધી

[illegible]

લવ જેહાદ અને લેન્ડ જેહાદ અંગેના વચનો પૂરા કરીશું : હિમંત બિસ્વા

[illegible]

બોર્ડર સાથે જોડાયેલા જિલ્લાઓમાં ૨૦ ટકા અને અન્ય જિલ્લાઓમાં ૧૦ ટકા રી-વેરિફિકેશન કરાશે : સીએમ બન્યા બાદ બિસ્વાની ખાતરી

[illegible]

દિલ્હીની વાત

(પ્રથમ પાનાનું ચાલુ)

[illegible]

પેટ્રોલ-ડીઝલના

(પ્રથમ પાનાનું ચાલુ)

[illegible]

અમેરિકામાં સૌથી

(પ્રથમ પાનાનું ચાલુ)

[illegible]

હુમલાથી અમેરિકાના કયા કયા રાજ્યોને અસર

[illegible]

ભારતમાં કોરોનાનો

(પ્રથમ પાનાનું ચાલુ)

[illegible]

બક્સરમાં ગંગામાં

(પ્રથમ પાનાનું ચાલુ)

[illegible]

વોકઇન ઇન્ટરવ્યુ

[illegible]

ટોરેન્ટ પાવર લીમીટેડ

જાહેર નોટિસ

[illegible]

કરજણ નગરપાલિકા, કરજણ

ઓનલાઇન જાહેર નિવિદા

[illegible]



ભારે પવન ફૂંકાતા ગ્લાસ બ્રીજ તૂટ્યો, ટુરિસ્ટ ૩૩૦ ફૂટ અધ્ધર લટકતો રહી ગયો

ચીનના લોંગજિઆંગ શહેરમાં પિયાન પર્વત પરના એક રિસોર્ટમાં બનાવવામાં આવેલ કાચના તળિયાવાળા એક બ્રીજ પરથી એક પર્યટ[illegible] અધ્ધર લટકી રહ્યો હોય તેવી [illegible] તસવીરો હાલમાં બહાર [illegible]

[illegible] જાણવા મળે છે કે કલાકના ૯૦ માઈલ જેટલી ઝડપે સખત પવન ફૂંકાતા આ ગ્લાસ બ્રિજના તળિયાની એક ગ્લાસ પેનલ ઉખડીને ફેંકાઇ ગઇ હતી જેને કારણે પડેલી બખોલમાંથી આ ટુરિસ્ટ નીચે ઉતરી પડ્યો હતો અને ફસાઈ ગયો હતો. છેક ૩૩૦ ફૂટ જેટલી ઊંચાઈએ તે અધ્ધર લટકી રહ્યો હતો. આ ઘટનાની જાણ થતાં ત્યાં દોડી આવેલા ફાયર ફાઈટરો, વન વિભાગના કર્મચારીઓ અને ટુરિઝમ કામદારો આ પર્યટકને બહાર કાઢીને સલામત સ્થળે લઇ ગયા હતા. હવામાં અધ્ધર લટકતા આ પર્યટકની તસવીરો ચીનની સોશ્યલ મીડિયા સાઇટ વેઇબો પર ઘણી વાયરલ થઇ હતી.

આ વખતે પરપ્રાંતીય શ્રમિકોને મફત અનાજ વહેંચવાની શક્યતાનો સરકારનો ઇન્કાર

અત્યારે ગયા વર્ષ જેવું સંપૂર્ણ રાષ્ટ્રીય લોકડાઉન નથી, ઉદ્યોગો ચાલુ છે અને ગભરાટ પણ નથી

નવી દિલ્હી, તા. ૧૦(પીટીઆઇ): સરકારે સ્થળાંતરિતોને મફત અનાજ આપવાની શક્યતા સરકારે આજે નકારી કાઢતા કહ્યું હતું કે ગભરાટની કોઇ સ્થિતિ નથી અને ગયા વર્ષ જેવું સંપૂર્ણ રાષ્ટ્રીય લોકડાઉન નથી.

અલબત્ત, સરકારે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ વધારાનું મફત અનાજ બે મહિના - મે અને જૂન - માટે ૮૦ કરોડ રેશન કાર્ડ ધારકોને વહેંચવાનું શરૂ કરી જ દીધું છે. સરકારે જણાવ્યું હતું કે પીએમજીકેએવાય હેઠળ મફત અનાજની વહેંચણીથી ખુલ્લા બજારમાં કિંમતો પર કોઇ અસર થશે નહીં. માઇગ્રન્ટ કટોકટી એટલી મોટી નથી જેટલી ગયા વર્ષે હતી...સંપૂર્ણ રાષ્ટ્રીય લોકડાઉન નથી. તે લોકલ લોકડાઉન છે.

ઉદ્યોગો કામ કરે છે. સંપૂર્ણ લોકડાઉન નથી. ગભરાટ પણ નથી એમ અન્ન સચિવ સુધાંશુ પાંડેએ એક વર્ચ્યુઅલ પ્રેસ મીટમાં કહ્યું હતું. તેઓ એવા એક પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા કે સરકારે શા માટે કોવિડના વધેલા કેસો વચ્ચે સ્થળાંતરિતો માટે મફત અનાજની યોજના જાહેર કરી નથી. ગયા વર્ષે સરકારે સ્થળાંતરિતો અને ફસાયેલા સ્થળાંતરિતો માટે ૬.૪૦ લાખ ટન અનાજની મફત વહેંચણી કરી હતી.

દેશમાં એપ્રિલ મહિનામાં 34 લાખ પગારદાર લોકોએ નોકરી ગુમાવી

નવી દિલ્હી, તા.૧૦ દેશમાં કોરોના મહામારીના કારણે રોજગાર સંકટને ઘણું વધી રહ્યું છે. અહેવાલો અનુસાર, માત્ર એપ્રિલ મહિનામાં જ 34 લાખ પગારદાર લોકોનો રોજગાર ગુમાવી હતી. નાના-ઉદ્યોગપતિઓ પણ કોરોનાથી બચવા માટે લાદવામાં આવેલા લોકડાઉનને કારણે નારાજ છે. લોકડાઉનને લીધે નાના ધંધા પડી ભાંગ્યા છે. સેન્ટર ફોર મોનિટરિંગ ઇન્ડિયન ઇકોનોમી (સીએમઆઇઇ)ના અનુસાર, એપ્રિલમાં કુલ 75.5 લાખ નોકરીઓ ગઇ છે. જેના કારણે બેરોજગારીનો દર માર્ચમાં ૬.૬ ટકાથી વધીને એપ્રિલમાં ૭.૯૭ ટકા થઇ ગયો હતો. સીએમઆઇઇના મેનેજિંગ ડિરેક્ટર મહેશ વ્યાસે જણાવ્યું હતું કે, લોકડાઉન અને આર્થિક મંદીના કારણે ગ્રામીણ વિસ્તારોમાં નાના ઉદ્યોગોને પણ ગંભીર અસર થઇ છે.

અદભૂત બાળઉછેર કરતું હંસ યુગલ...!

માણસ સિવાયના પ્રાણીઓમાં બાળઉછેર માટે ભાગે માદા કરતી હોય છે અને તે પણ મર્યાદિત પ્રમાણમાં અને મર્યાદિત સમય માટે જ. પરંતુ કેટલીક જૂજ પશુ-પક્ષીઓની પ્રજાતિમા, ખાસ કરીને કેટલાક પક્ષીઓમાં નર પણ બાળ ઉછેરમા જોડાતો અને પિતૃત્વની ફરજ અદા કરતો જોવા મળે છે. હાલમાં ઇંગ્લેન્ડના ડેવોનના ટાઇવરટોન ખાતેના એક જળાશયમા એક હંસ યુગલ પોતાના દસ બચ્ચાઓની અદભૂત માવજત કરતું જોવામાં આવ્યું હતુ. ટાઇવરટોનની ગ્રાન્ડ વેસ્ટર્ન કેનાલમાં જોવા મળ્યું હતું કે એક માદા અને નર હંસની વચ્ચે તેમના દસ નાનકડા બચ્ચાઓ લાઇનબંધ રીતે તરી રહ્યા હતા. બચ્ચાઓ પાણીના પ્રવાહમાં સરકી રહ્યા હતા અને આગળપાછળ તેમના માતા-પિતા હતા. બચ્ચાઓ આડા અવળા નહીં થાય તેની બરાબર કાળજી હંસોની આ જોડી રાખી રહી હતી. પાણીમાં તરી રહેલા આ હંસો અને તેમના બચ્ચાઓનુ દ્રશ્ય કોઇ પરેડ જેવું દેખાતુ હતુ અને ત્યાંથી પસાર થતા લોકો આ દ્રશ્યને પોતાના કેમેરામાં ઝડપી લેવાની લાલચ રોકી શક્યા ન હતા.

હમાસે જેરૂસલેમ તરફ રોકેટો છોડ્યા: ઇઝરાયેલ-પેલેસ્ટાઇન વચ્ચે ભારે તનાવ

સપ્તાહોથી ચાલતી અથડામણથી સર્જાયેલો તનાવ વધુ તીવ્ર બન્યો

જેરૂસલેમ, તા. ૧૦(એપી): ગાઝા પટ્ટીમાંથી હમાસના ઉગ્રવાદીઓએ આજે જેરૂસલેમ તરફ રોકેટો દાગ્યા હતા, જેને પગલે જેરૂસલેમમાં હવાઇ હુમલાની સાયરનો ગાજી ઉઠી હતી. જ્યારે આ વિવાદાસ્પદ પવિત્ર શહેરના એક ધાર્મિક સ્થળ પર ઇઝરાયેલી પોલીસ સાથેની અથડામણમાં સેંકડો પેલેસ્ટાઇનીઓને ઇજા થઇ હતી.

જેરૂસલેમમાં કેટલાક સપ્તાહથી ઇઝરાયેલી પોલીસ અને પેલેસ્ટાઇની દેખાવકારો વચ્ચે અથડામણો ચાલી જ રહી છે જેમાં આજે વહેલી સાંજના આ રોકેટ હુમલાથી તનાવમાં ઓર વધારો થયો છે. સાયરનો વાગી ઉઠી તેના ટૂંક સમય પછી જેરૂસલેમમાં ધડાકાઓ સંભળાયા હતા. કોઇને ઇજા કે નુકસાનના તત્કાળ કોઇ અહેવાલ મળ્યા ન હતા. ઇઝરાયેલી લશ્કરે જણાવ્યું હતું કે શરૂઆતમાં સાત રોકેટો છોડાયા હતા જેમને આંતરી લેવામાં આવ્યા હતા પણ રોકેટો છોડવાનું ચાલુ જ રહ્યું હતું.

હમાસની લશ્કરી પાંખના વડા અબુ ઓબેદાએ કહ્યું હતું કે જેરૂસલેમમાં ઇઝરાયેલના અપરાધો અને આક્રમણના જવાબમાં આ હુમલો છે. તેમણે ધમકી આપી હતી કે જો ઇઝરાયેલ પવિત્ર અલ-અકસા મસ્જિદ કમ્પાઉન્ડમાં ઘૂસણખોરી કરશે અથવા તો પૂર્વીય જેરૂસલેમની વસાહતમાંથી પેલેસ્ટાઇની કુટુંબોને ખાલી કરાવશે તો આવા વધુ હુમલા થશે.

બંગાળમાં ભાજપના તમામ ૭૭ ધારાસભ્યોને કેન્દ્રીય સુરક્ષા કવચ મળશે

નવી દિલ્હી, તા. ૧૦(પીટીઆઇ): પશ્ચિમ બંગાળમાં ભાજપના તમામ નવા ચૂંટાયેલા ૭૭ ધારાસભ્યોને તેમના પર સંભવિત ખતરાને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય અર્ધલશ્કરી દળોનું સુરક્ષા કવચ આપવામાં આવશે એમ સત્તાવાર સૂત્રોએ આજે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે ધારાસભ્યોને સીઆઇએસએફ અને સીઆરપીએફના સશસ્ત્ર કમાન્ડોઝ દ્વારા રક્ષણ આપવામાં આવશે. બંગાળમાં ચૂંટણી પછીની હિંસાના સંજોગોમાં કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા મોકલવામાં આવેલી ઉચ્ચ સ્તરીય હકીકત શોધ સમિતિના અધિકારીઓ દ્વારા અપાયેલ માહિતી અને કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓ દ્વારા તૈયાર કરાયેલ અહેવાલની નોંધ લઇને કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આ કવચ મંજૂર કર્યું છે.

નેપાળના વડાપ્રધાન ઓલીએ વિશ્વાસનો મત ગુમાવ્યો

કાઠમંડુ, તા.10 (પીટીઆઇ) નેપાળના વડાપ્રધાન કેપી શર્મા ઓલીએ સોમવારે હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં વિશ્વાસ મત ગુમાવ્યો હતો.

જ્યારે પુષ્પકમલની આગેવાની હેઠળના સીપીએન (માઓવાદી કેન્દ્ર) પછી સત્તા પર પોતાની પકડ વધુ કડક બનાવવાની માંગમાં બેઠેલા વડા પ્રધાનને દહલ 'પ્રચંડ'એ તેમની સરકારનો ટેકો પાછો ખેંચી લેતા હારનો સામનો કરવો પડ્યો હતો.

વડાપ્રધાન ઓલીએ રાષ્ટ્રપતિ બિદ્યા દેવી ભંડારીના નિર્દેશન પર બોલાવવામાં આવેલા વિશેષ સત્ર દરમિયાન સંસદના નીચલા ગૃહમાં 93 મતો મેળવ્યા હતા. ઓલીને વિશ્વાસ મત જીતવા 275 સભ્યોની હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવમાં ઓછામાં ઓછા 136 મતોની આવશ્યકતા હતી. કારણ કે, હાલમાં ચાર સભ્યો સસ્પેન્શન હેઠળ છે.

સ્પીકર અગ્નિ સપકોટાએ જાહેરાત કરી હતી કે, જેમાંથી કુલ 124 સભ્યોએ વિશ્વાસ મતની વિરુદ્ધમાં મત આપ્યો હતો. જ્યારે 15 સભ્યો તટસ્થ રહ્યા હતા.આ સત્રમાં કુલ 232 ધારાસભ્યોએ ભાગ લીધો હતો.

જેથી હવે વડાપ્રધાન ઓલીએ આર્ટિકલ 100 (3) મુજબ જાતે પોતાના પદથી રાજીનામુ આપી દેવું પડશે.ગયા અઠવાડિયે પ્રચંડના નેતૃત્વમાં નેપાળ કોમ્યુનિસ્ટ પાર્ટી દ્વારા સરકારને પોતાનો ટેકો પાછો ખેંચી લીધા બાદ ઓલીની સરકાર લઘુમતીમાં આવી ગઈ હતી.

પેજ3

અમિતાભ બચ્ચને કોવિડ કેર સેન્ટરને 2 કરોડ રૂપિયાનું દાન આપ્યું

નવી દિલ્હી, તા.10 (પીટીઆઇ) મેગાસ્ટાર અમિતાભ બચ્ચને અહીંના ગુરુદ્વાર રકાબ ગંજ સાહિબ ખાતે શ્રી ગુરૂ તેગ બહાદુર કોવિડ કેર સેન્ટરને કોરોના સંકટ સામે લડવામાં મદદ માટે 2 કરોડની સહાય આપી હતી.

આ માહિતી દિલ્હી શીખ ગુરુદ્વારા વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષ મનજિંદર સિંહ સિરસાએ ટ્વિટર પર શેર કરી હતી. સિરસાએ રવિવારે લખ્યું હતુ કે, બચ્ચન જીએ શ્રી ગુરુ તેગ બહાદુર કોવિડ કેર સુવિધામાં 2 કરોડ રૂપિયાનું યોગદાન આપતા કહ્યું કે, તેમની સેવાને સલામ કરે છે.

તેમણે કહ્યું કે, જ્યારે દિલ્હી ઓક્સિજન સપ્લાયની તંગીનો સામનો કરી રહ્યું હતું ત્યારે બચ્ચન દરરોજ સુવિધાની સ્થિતિ અંગે પૂછતા હતા. આ સેન્ટર સોમવારથી ચાલુ થયું હતું જેમાં 300 બેડ છે. બીજી ટ્વિટમાં સિરસાએ માહિતી આપી હતી કે, બચ્ચને આ સુવિધા માટે વિદેશથી ઓક્સિજન સિલિન્ડરોની પણ વ્યવસ્થા કરી છે. તેમણે કહ્યું કે, બચ્ચન એક રીઅલ લાઇફ હિરો છે.

સલમાન ખાનની બે બહેનો - અલવીરા અને અર્પિતાને કોરોના



મુંબઇ, તા.10 સલમાન ખાનની બે બહેનો અલવીરા અગ્નિહોત્રી અને અર્પિતા શર્માને કોરોનાનો ચેપ લાગ્યો છે. [illegible] અંગે સલમાન ખાને મીડિયાને માહિતી આપી હતી. સલમાન ખાનની ફિલ્મ 'રાધે'ના ઓટીટી પ્લેટફોર્મમાં રિલીઝ થવા અંગે મીડિયા સાથેના વેબિનાર દરમિયાનની એક સવાલના જવાબમાં સલમાન ખાને કહ્યું હતુ કે, તેમની બંને બહેનો - અલવીરા અને અર્પિતા કોરોનાગ્રસ્ત થઈ છે. સલમાને કહ્યું કે, કોરોનાની પ્રથમ લહેર કરતાં બીજી લહેર વધુ જોખમી છે. આ લહેરે દરેક ઘરમાં પ્રવેશ મેળવ્યો છે. સલમાનની 31 વર્ષીય બહેન અર્પિતા ખાને વર્ષ 2014માં આયુષ શર્મા સાથે લગ્ન કર્યા હતા. જ્યારે 51 વર્ષીય અલવીરા જે કોસ્ટ્યુમ ડિઝાઇનર તરીકે પણ જાણીતી છે તેણે 1996માં અભિનેતા અતુલ અગ્નિહોત્રી સાથે લગ્ન કર્યા હતા.

તારક મહેતા સિરિયલનાં 'બબીતા'ના એક શબ્દના કારણે થયો હોબાળો, માફી માગી

નવી દિલ્હી, તા.10 કોમેડી સિરિયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં બબીતા જીની ભૂમિકા ભજવીને લોકપ્રિય બનેલી અભિનેત્રી મુનમુન દત્તાને એક બહુ મોંઘી પડી હતી. એક યુટ્યુબના વીડિયોમાં મુનમુનની જીભ લપસી ગઇ હતી જેના કારણે સોશિયલ મીડિયામાં હોબાળો મચી ગયો હતો. ત્યારબાદ સોમવારે ટ્વિટર પર હેશટેગ ArrestMunmunDutta ટ્રેન્ડ થવા લાગ્યું હતું. પરંતુ, આ અંગે મુનમુન દત્તાએ ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ લખીને માફી માંગી હતી. અને લેન્ગ્વેજ પ્રોબ્લેમનું કારણ આપ્યું હતુ.

અમેરિકાના કોલોરાડોમાં બર્થ ડે પાર્ટીમાં લોહીની હોળી: એક શખ્સે ગોળીબાર કરીને છને મારી નાખ્યા

હુમલાખોરે બાદમાં પોતાને જ ગોળી મારીને આત્મહત્યા કરી: જેના જન્મ દિનની ઉજવણી ચાલતી હતી તેનું પણ મોત: હુમલા પાછળનો હેતુ તત્કાળ જાણી શકાયો નહીં

કોલોરાડો સ્પ્રિંગ(અમેરિકા), તા. ૧૦(એપી): કોલોરાડોમા જન્મ દિનની એક પાર્ટીમાં એક શખ્સે ગોળીબાર કરીને પુખ્ત વયના છ જણાને મારી નાખ્યા હતા, તથા બાદમાં પોતે આપઘાત કર્યો હતો.

સ્થાનિક સમય પ્રમાણે રવિવારે મધરાત પછી આ બનાવ બન્યો હતો. કોલોરાડો સ્પ્રિંગ્સની પૂર્વ બાજુએ એક મોબાઇલ હોમ પાર્કમાં આ ઘટના બની હતી એમ પોલીસે જણાવ્યું હતું. બનાવની જાણ થતાં પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને તેમને જોવા મળ્યું હતું કે પુખ્ત વયના છ જણા મરેલા પડેલા હતા તથા ગંભીર ઇજાઓ સાથે એક શખ્સ પડેલો હતો જેનું બાદમાં હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું એમ કોલોરાડો સ્પ્રિંગ્સ ગેઝેટે અહેવાલ આપ્યો હતો.

ટોરેન્ટ પાવર લીમીટેડ

જાહેર નોટિસ

ટોરેન્ટ પાવર લીમીટેડ, અમદાવાદ, દ્વારા GERC (Procurement of Energy from Renewable Sources) Regulations, ૨૦૧૦ના નિયમ ૪.૧ અને ૪.૨ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૮-૨૦ માટે [illegible] અરજી (અરજી નં ૧૯૦૧/૨૦૨૦) નામદાર ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન સમક્ષ દાખલ કરેલ છે.

નામદાર કમિશનના આદેશ અનુસાર, અરજદારે જાહેર પાસેથી વાંધા/સૂચનો મંગાવવા આ નોટિસ જાહેર કરેલ છે. આ અરજીની નકલ કંપનીની વેબસાઇટ http://www.torrentpower.com/index.php/regulatory/renewable પર ઉપલબ્ધ છે.

આથી જાહેર સૂચના આપવામાં આવે છે કે ઉપરોક્ત અરજી અંગે જે પક્ષકારોને પોતાના વાંધા/સૂચનો રજૂ કરવાનાં હોય તેઓએ પોતાની અરજી [illegible] સેક્રેટરી, ગુજરાત વીજ નિયમન પંચ, છઠ્ઠો માળ, ગીફ્ટ વન, રોડ ૫ સી, ઝોન ૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર - ૩૮૨ ૩૫૫ ને આ નોટિસ જારી કરવાની તારીખ થી ૩૦ દિવસની અંદર મોકલી આપવાની રહેશે અને તેની એક નકલ નીચે સહી કરનારને પણ મોકલવાની રહેશે.

ટોરેન્ટ પાવર લીમીટેડ
"સમર્પણ", ૬૦૦, તપોવન,
આંબાવાડી, અમદાવાદ - ૩૮૦ ૦૧૫
CIN: L31200GJ2004PLC044068
તારીખ: ૧૧મી મે, ૨૦૨૧

ટોરેન્ટ પાવર લીમીટેડ વતી
સહી/-
વાઇસ પ્રેસીડન્ટ
(કોર્પોરેટ અફેર્સ)

પશ્ચિમ રેલવે

ઇ-ટેન્ડર માટે આમંત્રણ નોટિસ

[illegible]

ક્રમ	ટેન્ડર નોટિસ નં.	સ્ટેશન	[illegible]	જગ્યા	પ્રતિ વર્ષ આરક્ષિત કિંમત (રૂ.માં)	[illegible] (રૂ.માં)
1	[illegible]	[illegible]	A1	[illegible]	2,87,566	29,000
2	[illegible]	[illegible]	A1	[illegible]	3,41,388	34,199
3	[illegible]	[illegible]	A	[illegible]	2,59,280	25,900
4	[illegible]	[illegible]	A	[illegible]	1,74,000	17,400
5	[illegible]	[illegible]	B	[illegible]	11,756	1,200
6	[illegible]	[illegible]	B	[illegible]	11,756	1,200
7	[illegible]	[illegible]	B	[illegible]	11,756	1,200
8	[illegible]	[illegible]	B	[illegible]	32,256	3,300
9	[illegible]	[illegible]	B	[illegible]	37,790	7,400
10	[illegible]	[illegible]	[illegible]	[illegible]	4,500	1,000
11	[illegible]	[illegible]	[illegible]	[illegible]	4,250	1,000
12	[illegible]	[illegible]	[illegible]	[illegible]	4,500	1,000
13	[illegible]	[illegible]	[illegible]	[illegible]	10,000	1,000

[illegible] 07/06/2021 [illegible] 15:00 [illegible] 07.06.2021 [illegible] 15.00 [illegible] 400020 [illegible] 022-678-44240/44238, [illegible] 022-678-44295.

[illegible] 087

Like us: www.facebook.com/WesternRly Follow us: www.twitter.com/WesternRly

માસ્ક સાથે બે ગજનું અંતર જાળવીએ આપણે સુરક્ષિત, તો રાષ્ટ્ર સુરક્ષિત

રાજ્યના ૭૧.૫૪ લાખથી વધુ NFSA રેશનકાર્ડ ધારકોની ૩.૪૭ કરોડ જનસંખ્યાને મે મહિનામાં રાહતદરના નિયમિત વિતરણ ઉપરાંત

પ્રધાનમંત્રી
ગરીબ કલ્યાણ અન્ન યોજના
હેઠળ વધારાના અનાજનું
આજથી વિનામૂલ્યે વિતરણ



- અન્ન વિતરણ વ્યવસ્થા સરળતાથી કાર્યરત રહે તે માટે તા.૧૧ મે થી ૨૦ મે-૨૦૨૧ દરમ્યાન (રેશનકાર્ડ બુકલેટ નંબરમાં પાછલા આંકડાની સંખ્યા એટલે કે છેલ્લે ૨૧ હોય તો ૧ નંબર સમજવો) નીચે મુજબ રાહતદરનું નિયમિત વિતરણ અને "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"ના વિનામૂલ્યે વિતરણના દિવસો નિર્ધારીત રહેશે.

રેશનકાર્ડ બુકલેટ નંબર : XXXXX XXXX1

NFSA રેશનકાર્ડ બુકલેટ નંબરમાં

છેલ્લા આંકડાનો નંબર ૧ હોય તેમને તા. ૧૧ મે
છેલ્લા આંકડાનો નંબર ૨ હોય તેમને તા. ૧૨ મે
છેલ્લા આંકડાનો નંબર ૩ હોય તેમને તા. ૧૩ મે
છેલ્લા આંકડાનો નંબર ૪ હોય તેમને તા. ૧૪ મે
છેલ્લા આંકડાનો નંબર ૫ હોય તેમને તા. ૧૫ મે
છેલ્લા આંકડાનો નંબર ૬ હોય તેમને તા. ૧૬ મે
છેલ્લા આંકડાનો નંબર ૭ હોય તેમને તા. ૧૭ મે
છેલ્લા આંકડાનો નંબર ૮ હોય તેમને તા. ૧૮ મે
છેલ્લા આંકડાનો નંબર ૯ હોય તેમને તા. ૧૯ મે
છેલ્લા આંકડાનો નંબર ૦ હોય તેમને તા. ૨૦ મે



અનિવાર્ય સંજોગોમાં જો કોઇ લાભાર્થી નિયત કરેલ દિવસે વાજબી ભાવની દુકાનેથી તેઓને મળવાપાત્ર આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો મેળવી ન શકે તો તેઓ તા.૨૧ મે થી ૩૧ મે ૨૦૨૧ સુધીમાં વાજબી ભાવની દુકાન ખાતેથી મેળવી શકશે. કોઇપણ લાભાર્થી અન્ન વિતરણથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના

"રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા" હેઠળના NFSA (AAY+PHH) રેશનકાર્ડ ધારકને મે-૨૦૨૧માં રાહતદરનાં નિયમિત જથ્થા ઉપરાંત "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" (PMGKAY) હેઠળ વ્યક્તિદીઠ ૩.૫ કિ.ગ્રા. ઘઉં અને ૧.૫ કિ.ગ્રા. ચોખા મળી કુલ ૫ કિ.ગ્રા. અનાજ વિનામૂલ્યે મળશે

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ઘઉં, ચોખા, તુવેરદાળ, ખાંડ અને મીઠા ના મે મહિનાના નિયમિત વિતરણની આજ રોજ તા.૧૧ મે થી નીચે મુજબ રાહતદરથી શરૂઆત

ક્રમ	કેટેગરી	વસ્તુ	મળવાપાત્ર જથ્થો	ભાવ પ્રતિ કિ.ગ્રા રૂ.પૈસા
૧	અંત્યોદય કુટુંબો	ઘઉં	કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા	[illegible]
		ચોખા	કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા	[illegible]
		તુવેરદાળ	કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા	[illegible]
૨	અગ્રતા ધરાવતા કુટુંબો	ઘઉં	વ્યક્તિદીઠ ૩.૫ કિ.ગ્રા	[illegible]
		ચોખા	વ્યક્તિદીઠ ૧.૫ કિ.ગ્રા	[illegible]
		તુવેરદાળ	કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા	[illegible]

ક્રમ	કેટેગરી	વસ્તુ	મળવાપાત્ર જથ્થો	ભાવ પ્રતિ કિ.ગ્રા રૂ.પૈસા
૩	બીપીએલ	ખાંડ નિયમિત	વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા	૨૨.૦૦
૪	અંત્યોદય	ખાંડ નિયમિત	૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા	૧૫.૦૦
૫	અંત્યોદય અને બીપીએલ	આયોડાઇઝ મીઠું	૪ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા ૪ થી વધુ વ્યક્તિ માટે કાર્ડદીઠ ૨ કિ.ગ્રા	૧.૦૦
૬	કેરોસીન પાત્રતા ધરાવતા બીપીએલ અને અંત્યોદય કાર્ડધારકો	કેરોસીન	વ્યક્તિદીઠ ૨ લીટર / મહત્તમ ૮ લીટર	[illegible] (પ્રતિ લીટર)

વન નેશન, વન રેશનકાર્ડ યોજના

દેશના અન્ય રાજ્યોના N.F.S.A. રેશનકાર્ડ ધારકો ગુજરાત રાજ્યમાં પણ અનાજ પુરવઠો મેળવી શકશે

ગુજરાતના કોઇપણ ગામ કે શહેરમાંથી રેશનકાર્ડ કઢાવ્યું હોય, પરંતુ ધંધા-રોજગારને લીધે અન્ય ગામ કે શહેરમાં વસવાટ કરતા લાભાર્થી સમગ્ર રાજ્યમાં કોઇપણ ગામ કે શહેરમાં આવેલ વાજબી ભાવની દુકાનેથી અનાજ પુરવઠો મેળવી શકશે

લાભાર્થી પોતાના બંને હાથના અંગુઠા કે આંગળી પૈકી કોઇપણ હાથના અંગુઠા/આંગળીનો ઉપયોગ કરી પોતાની ઓળખ આપી અનાજ મેળવી શકશે

કોરોના વાયરસથી બચવા અન્ન મેળવતી વખતે માસ્ક જરૂર પહેરીએ, ખોટી ભીડ ન કરીએ અને સોશિયલ ડિસ્ટન્સિંગનું ચુસ્તપણે પાલન કરીએ - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

માર્કેટ્સ ખોલવા મંજૂરી આપી કલેક્ટર-ચેમ્બર પ્રમુખ ઊંધાં માથે પટકાયા

સુરત, તા.૧૦

કાપડ માર્કેટ શરૂ કરવા મુદ્દે આજે દિવસભર ધમાસાણ ચાલ્યું હતું. ચેમ્બરની રજૂઆતના પગલે જિલ્લા કલેક્ટર દ્વારા તા. 10 અને 11 મે ના રોજ સવારે 10થી બપોરે 2 સુધી શહેરની તમામ કાપડ માર્કેટોને ખોલવા મંજૂરી અપાઈ હતી. વેપારીઓની વડી સંસ્થા ફોસ્ટા, થવા માટે [illegible] સંગઠનના નેતાઓએ ફોસ્ટાને ઓવરટેક કરી ચેમ્બર પ્રમુખના ખભા પર બંદૂક મૂકી માર્કેટ ખોલાવી ક્રેડિટ ખાટી જવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ આજે પણ વેપારીઓનો મોટો વર્ગ ફોસ્ટાને જ સર્વોપરી સંસ્થા માને છે, ત્યારે ફોસ્ટાને જ વિશ્વાસમાં લીધા વિના મિની લોકડાઉન પૂર્ણ પોલીસને દુકાન ખોલવા અંગે કોઈ આદેશ નહીં હોવાનું વેપારીઓને સ્પષ્ટ જણાવ્યું હતું. આથી સમગ્ર મામલે તંત્રમાં સંકલનનો અભાવ પણ સપાટી પર આવ્યો હતો. આ તરફ ફોસ્ટાને વિશ્વાસમાં લીધા વિના ચેમ્બરે કેમ કલેક્ટરને રજૂઆત કરી તે મુદ્દે ભારે વિવાદ થયો હતો.

મહાજનોની વડી સંસ્થા ચેમ્બરનુ

કલેક્ટરે પરિપત્ર જાહેર કરી દીધો, બીજી તરફ પોલીસ અને મનપા અંધારામાં હોવાથી દુકાન ખોલનાર વેપારીઓ દંડાયા

પોલીસ અને પાલિકાનુ મહેકમ આ બાબતથી અજાણ હોય ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ફોસ્ટાને વિશ્વાસમાં લીધા વિના ચેમ્બર અને કલેક્ટરે મંજૂરીનો પત્ર જારી કર્યો હોય ભારે વિવાદ થયો હતો. પોલીસ અને પાલિકા પણ આ બાબતથી સાવ અજાણ હોય તંત્રમાં સંકલનનો અભાવ સપાટી પર આવ્યો હતો. આખરે મોડી સાંજે કલેક્ટર ડૉ. ધવલ પટેલે પુનઃ મંજૂરી પરમીશન રદ કરવી પડી હતી. સમગ્ર પ્રકરણમાં ચેમ્બર અને કલેક્ટર ઊંધા માથે પછડાયા હોવાનું ચિત્ર ઊભું થયું હતું.

ફોસ્ટા સામેની નારાજગીના પગલે છેલ્લાં સાત વર્ષમાં કાપડ માર્કેટમાં 15 જેટલા સંગઠનો ઉભા થયા છે, ત્યારે ઝાઝા રસોઇયા રસોઇ [illegible] તેવો ઘાટ કાપડ ઉદ્યોગનો થવાની મર્યાદાના બે દિવસ પહેલા કેટલાક અતિ ઉત્સાહી વેપારી સંગઠનોના નેતાઓના ઈશારે માર્કેટ ખોલાવવાની આગેવાની લેવાનુ ચેમ્બરને ભારે પડ્યુ છે. ચેમ્બરની વિનંતીને પગલે 10 અને 11 મેના રોજ સવારે 10થી બપોરે 2 સુધી માર્કેટ ખોલવાની મંજૂરી આપી કલેક્ટર ભૂલ બન્યા છે.

આ સમગ્ર પ્રકરણમાં કલેક્ટરની હાલત કંસાર કરવા જતાં થૂલી થઈ ગઈ જેવો થયો છે. કલેક્ટરની મંજૂરી બાદ ફોસ્ટા સહિત મોટા ભાગના વેપારીઓએ માર્કેટ નહીં ખોલવાના પક્ષમાં જોવા મળ્યા હતા. તો વળી, ગણ્યાગાંઠ્યા વેપારીઓએ દુકાન ખોલી તો પાલિકા અને પોલીસે ધસી જઈ 2 હજારનો દંડ ફટકારી દુકાનો બંધ કરાવી હતી. તેથી વેપારીઓ રોષે ભરાયા હતા. ખુદ સલાબતપુરા કામ તમામ સંગઠનોને એકસૂત્રે બાંધવાનુ છે ત્યારે એકલદોકલ સંગઠનોની રજૂઆત પર કેમ આગેવાની લીધી તે પ્રશ્ન ઊભો થયો હતો. ખુદ વેપારીઓએ ફોન કરી ચેમ્બર પ્રમુખ દિનેશ નાવડીયાનો ઉધડો લીધો હતો. દિવસભર બંધ અને ચાલુના મુદ્દે ભારે ધમાસાણ થયું હતુ. આખરે ખુદ જિલ્લા કલેક્ટર ડૉ. ધવલ પટેલ સમગ્ર પ્રકરણમાં દૂધ પાણી રેડવાના ઇરાદે યુ-ટર્ન મારી લીધો હતો. મોડી સાંજ કલેક્ટરે [illegible] રજૂ કરી પરમીશન રદ કરતો પરિપત્ર જાહેર કર્યો હતો.

શ્રી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ દિનેશ નાવડિયાએ કહ્યુ કે, આજે સવારે સુરત જિલ્લા કલેક્ટર ડૉ. ધવલ પટેલે ચેમ્બર ઓફ કોમર્સને લેખિત પત્ર (ઈ-મેઈલ) પાઠવી ૧૦ મે અને ૧૧ મેના રોજ સવારે ૧૦થી બપોરે ૨ કલાક સુધી સુરતની તમામ ટેક્સટાઈલ માર્કેટોને ટ્રેડ રીલેટેડ બાબતોના કામકાજ માટે ખૂલ્લી રાખવા માટેની પરવાનગી આપી હતી.

આ પત્રની એક નકલ સુરત મહાનગરપાલિકાના જવાબદાર અધિકારીઓને પણ તેમણે મોકલી હતી. પરંતુ પોલીસ પરવાનગીનો પ્રશ્ન ઉભો થયો હતો. બાદમાં કલેક્ટર ડૉ. ધવલ પટેલ અને સુરત શહેર પોલીસ કમિશનર અજય કુમાર તોમરે ટેક્સટાઈલ માર્કેટ ખોલવી કે નહીં તે બાબતે અગ્રણી ટ્રેડર્સ તથા ટ્રેડર્સની વિવિધ સંસ્થાઓ સાથે વાતચીત કરી હતી અને એક દિવસ માટે હવે માર્કેટ નહીં ખુલશે તો ચાલશે તેવો અભિપ્રાય અગ્રણી ટ્રેડર્સ તથા ટ્રેડર્સની વિવિધ સંસ્થાઓએ આપ્યો હતો, જેથી મંજૂરી રદ કરાઈ હતી.

પોલીસે સ્પષ્ટ કહ્યું, દુકાન ખૂલશે તો ૨૫ હજાર દંડ વસૂલાશે

કલેક્ટરના પત્રના લીધે મૂંઝવણ ઊભી થતા રાહુલ નામના એક વેપારીએ સલાબતપુરા પીઆઈને ફોન કરી સ્પષ્ટતા માંગી હતી, ત્યારે પીઆઈએ સ્પષ્ટ કહ્યું હતું કે, મંજૂરી અંગે અમને કોઈ જાણ નથી. વેપારીઓ દુકાન ખોલશે તો 25 હજારનો દંડ વસૂલાશે. આ વાતચીતનો ઓડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

વીવર્સ અને પ્રોસેસર્સનાં પેમેન્ટ માટે માર્કેટ ખોલાવવા દબાણ કરાયાની ચર્ચા

દેશના મોટાભાગના બજારો બંધ છે ત્યારે સુરતની કાપડ માર્કેટ ખોલવાથી કોઈ વેપાર મળવાનો નહીં હોવા છતાં વીવર્સ અને પ્રોસેસર્સના પેમેન્ટ માટે વેપારીઓ પર દબાણ લાવી શકાય તે હેતુથી માર્કેટ ખોલાવવા વીવર્સ અને પ્રોસેસર્સની લોબી દબાણ કરી રહી હોવાની ચર્ચા બજારમાં ચાલી રહી છે.

કાપડ ઉદ્યોગનાં સંગઠનોની માંગણીના પગલે દુકાનો ખોલવા મંજૂરી મંગાઈ હતીઃ દિનેશ નાવડિયા

ચેમ્બર દ્વારા મોડી સાંજે એક પ્રેસનોટ બહાર પાડવામાં આવી હતી, જેમાં ચેમ્બર પ્રમુખ દિનેશ નાવડીયાએ કહ્યું હતું કે, પોલીસ પરવાનગીનો પ્રશ્ન ઊભો થતાં કલેક્ટરે દુકાનો ખોલવાની મંજૂરી રદ કરી છે. આ સાથે જ ખુલાસો કર્યો હતો કે, ટ્રેડર્સ અગ્રણીઓ અને ટ્રેડર્સની વિવિધ સંસ્થાઓ સાથે રહીને ચેમ્બરે જે રજૂઆત તા. ૭ મે, ૨૦૨૧ના રોજ કરી હતી એના જ અનુસંધાનમાં આજે સોમવાર, તા. ૧૦ મે, ૨૦૨૧ના રોજ લેખિત પરવાનગી મળી હતી. ટેક્ષટાઈલના જ વિવિધ સંગઠનો જેવા કે કેટલાક ટ્રેડર્સ એસોસીએશન, યાર્ન મેન્યુફેક્ચરર્સ એસોસીએશન, યાર્ન ડીલર એસોસીએશન, વિવિંગ એસોસીએશન તથા પ્રોસેસિંગ એસોસીએશનોએ કરેલી માંગણીના સંદર્ભમાં આ રજૂઆત કરવામાં આવી હતી.

ચેમ્બર પ્રમુખે વેપારી આગેવાન નરેન્દ્ર સાબુને સ્પષ્ટ કહ્યું, લેટર્સ લાવો બાદમાં રજૂઆત કરો

સુરત મર્કન્ટાઈલ એસોસિએશનના પ્રમુખ નરેન્દ્ર સાબુના લીધે સમગ્ર ગેરસમજ ઊભી થઇ હોવાનું ચિત્ર ઉભું થયું છે ત્યારે મોડી સાંજે ચેમ્બર પ્રમુખ દિનેશ નાવડીયાએ નરેન્દ્ર સાબુને ખખડાવ્યા હતા. બંનેની વાતચીતનો ઓડિયો વાયરલ થયો હતો, જેમાં દિનેશ નાવડીયા સ્પષ્ટ કહે છે કે સાબુજી તમારે દુકાન ખોલાવવી હોય તો 25થી 50 માર્કેટના લેટરપેડ પર રજૂઆતો લઈ આવો. હમે તે કરી શકતા નથી.

(તસવીરઃ ડિમ્પલ બંગડીવાલા)

■ અઠવાગેટ નજીક સરદાર બ્રિજ ઉપર એક કારને એક્સિડન્ટ નડતાં ભટકાયેલી કારમાંથી મોટા પ્રમાણમાં ઓઇલ રોડ ઉપર રેલાતાં વાહનો સ્લીપ થવાનો ખતરો ઊભો થયો હતો. વાહનો થંભી જવાના કારણે જોતજોતામાં આખા પુલ ઉપર ટ્રાફિક જામ થઈ ગયો હતો. દરમિયાન ઘટનાસ્થળે આવી પહોંચેલી ફાયરટીમે માટીનો છંટકાવ કરીને રસ્તા ઉપરથી ઓઇલ દૂર કરી દેતાં રસ્તો ખૂલવા પામ્યો હતો.

સુરતની મિશન હોસ્પિટલના નોન કોવિડ વોર્ડમાં શોર્ટસર્કિટથી આગ લાગતાં અફરાતફરી મચી

સુરત, તા.૧૦

શહેરના અઠવાલાઇન્સ વિસ્તારમાં આવેલી મિશન હોસ્પિટલના ગ્રાઉન્ડ ફ્લોર સ્થિત નોન-કોવિડ વોર્ડમાં રાત્રીના ૯ વાગ્યાના અરસામાં શોર્ટસર્કિટના કારણે આગ લાગી હતી. જો કે ફાયરના લાશ્કરો હોસ્પિટલ ખાતે સ્ટેન્ડબાય હોય, અને ગણતરીની મિનીટોમાં મજુરા, માનદરવાજા, અને નવસારીબજારનાં ફાયરની ટીમ પણ ઘટના સ્થળે પહોંચતા ગણતરીની મિનીટોમાં આગ ઉપર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો. જો કે સદનસીબે નોન-કોવિડ વોર્ડમાં એકપણ પેશન્ટ દાખલ ન હોય તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

કોરોના કાળમાં હોસ્પિટલો દ્વારા ઉપયોગમાં લેવામાં આવી રહેલા ઉપકરણોનો સતત વપરાશ થતો હોય, તેમજ સામાન્ય સંજોગો કરતા વીજપુરવઠાનો પણ વધુ પડતો ઉપયોગ થઈ રહ્યો હોવાથી રાજ્ય અને દેશમાં અનેક કોરોનાની સારવાર આપી રહેલી હોસ્પિટલોમાં આગના બનાવ બન્યા છે, જેમાં મોટી સંખ્યામાં લોકો મૃત્યુ પણ પામ્યા છે. આજે શહેરના અઠવાલાઇન્સ વિસ્તારમાં આવેલી મિશન હોસ્પિટલમાં રાત્રીના ૯ વાગ્યાના અરસામાં ગ્રાઉન્ડ ફ્લોર ખાતે ઊભા કરવામાં આવેલા નોન-કોવિડ વોર્ડમાં અચાનક શોર્ટસર્કિટના કારણે આગ લાગી હતી. જો કે સુરત ફાયર દ્વારા હોસ્પિટલોની બહાર ફાયરના લાશ્કરોને રેડ એલર્ટ માટે તેનાત રાખવામાં આવતા હોય, ગણતરીની મિનીટોમાં ફાયરની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને ત્યારબાદ મજુરા, માનદરવાજા, અને નવસારી બજારની ટીમ પણ પહોંચી જતા આગને કાબુમાં લઈ લેવામાં આવી હતી. આ અંગે ફાયર ઓફિસર નિલેશ દવેએ જણાવ્યું હતુ કે આગના કારણે સ્વીચબોર્ડ બળી ગયુ હતુ, જો કે નોન કોવિડ વોર્ડમાં એકપણ પેશન્ટ દાખલ ન હોય, અને વોર્ડ સંપૂર્ણ બંધ હાલતમાં હતો.

ફાયર ફાઈટરોની ટીમ સમયસર પહોંચી જતાં ગણતરીની મિનિટોમાં આગ પર કાબૂ મેળવી લેવાતાં રાહત, જાનહાનિ ટળી

સંક્ષિપ્ત સમાચાર ☑

સુરત સિટીલાઇટમાં બે વોચમેન વચ્ચેનો ઝઘડો ઉગ્ર બન્યોઃ એક વોચમેને બીજાને ચપ્પુ મારી પતાવી દીધો

સુરતઃ સીટીલાઇટ નવમંગલમ કોમ્પ્લેક્સમાં વોચમેનનું કામ કરતા બે વોચમેન વચ્ચે જમતી વખતે મજાક-મસ્તીમાં માઠુ લાગી આવતા બંને વચ્ચે ઝઘડો થયો હતો. સામ સામે થયેલી મારા-મારીમાં એક વોચમેને બીજાને ચપ્પુના ઘા મારી હત્યા કરી નાંખી હતી. આ મામલે ઉમરા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ઉમરા પોલીસ સૂત્રો પાસેથી જાણવા મળતી વિગતો અનુસાર સીટીલાઇટ નવમંગલમ કોમ્પ્લેક્ષ-બી ટાવરનાં વોચમેન અનિલ યાદવ (મુળ રહે.યુપી, હાલ નવમંગલમ કોમ્પ્લેક્ષ)નો ગઇ રાત્રે તેના મિત્ર વિજેન્દ્ર પ્રતાપ સાથે ઝઘડો થયો હતો. બંને મિત્રો સાથે બેસીને જમી રહ્યા હતા તે સમયે વિજેન્દ્ર પ્રતાપે અનિલ યાદવની મજાક ઉડાવી હતી. મજાક કરતા વિજેન્દ્ર પ્રતાપ ઉપર અનિલ ગુસ્સે ભરાતા બંને વચ્ચે મારા-મારી થઇ હતી. જેમાં અનિલે વિજેન્દ્રને લોખંડનો સળીયો મારી દીધો હતો. સામે વિજેન્દ્રએ અનિલને ઢીક મુક્કીનો માર મારી ચપ્પુ વડે હુમલો કરતા અનિલ યાદવ ઢળી પડ્યો હતો. દરમિયાન તેને સારવાર માટે તાત્કાલિક ૧૦૮ દ્વારા નવી સિવિલ ખસેડાતા તેનું ટૂંકી સારવાર બાદ મોત નિપજ્યું હતું.

પુણાના યુવકે આર્થિક તંગીમાં અને વેસુના રહીશનો અગમ્ય કારણે આપઘાત

સુરતઃ વેસુ વિસ્તારમાં આવેલ હેડગેવાર વસાહતમાં રહેતા ૨૬ વર્ષીય કિશન રાજભાઇ પટેલ શુભ પ્રસંગોએ ફૂલ ડેકોરેશનની છૂટક મજૂરી કરીને પરિવારનું ભરણપોષણ કરી રહ્યો હતો. ગઇ કાલે રવિવારે ઘરના દાદરની કેબીનમાં લોખંડની પાઇપ સાથે નાયલોનની દોરી બાંધી ગળે ફાંસો ખાઇને આપઘાત કરી લીધો હતો. પોલીસના જણાવ્યા મુજબ કિશને કયા કારણોસર પગલું ભર્યું છે. જે અંગેનું સચોટ કારણ જાણવા મળ્યુ નથી. મૂળ ભાવનગરના વતની અને હાલ પુણાગામ વિસ્તારમાં આવેલ ગોદાવરી પાર્ક સોસાયટીમાં રહેતા 30 વર્ષીય પંકજ મનસુખભાઇ દેસાઈ એકાઉન્ટ તરીકેની નોકરી કરીને પરીવારનું ગુજરાન ચલાવી રહ્યા હતા. પંકજે ગત શનિવારે સાંજે અનાજમાં નાખવાની ઝેરી દવા પી લીધી હતી. પંકજે અંતિમ પગલું ભર્યા બાદ પરિવારને ઘટનાની જાણ થતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં રાત્રી દરમિયાન મોત નીપજ્યું હતું. પોલીસે વધુમાં જણાવ્યુ હતુ કે પંકજભાઇના સગા સબંધી અને તેમની સાથે કામ કરતાં કર્મચારીઓએ જણાવ્યું કે પંકજને નાણાકીય તકલીફનો સામનો કરી રહ્યો હતો.

ગોડાદરામાં મહિલા પર ફાયરિંગ કરનારા બુટલેગર રામુની ધરપકડ કરતી પોલીસ

સુરતઃ તા.૨૧-૪-૨૦૨૧ના રોજ ગોડાદરા દેવધગામ મહાનંદી સોસાયટીમાં રહેતા રામુ ઉર્ફે કાલુ ઉર્ફે તુષાકર અનીલગીરી ગૌસ્વામીએ તેના જન્મ દિવસની ઉજવણી કરીને મહારાણા પ્રતાપ સોસાયટી પાસેના રાધાકૃષ્ણ મંદીર પાસેથી પસાર થતો હતો ત્યારે સોસાયટીમાં રહેતા સુશીલાબેન અને તેની વહુ સંગીતાબેન આહીર (ઉ.વ.૩૮) પાસે પહોંચી જઇ તેમને લોડેડ પીસ્ટલ બતાવી માસી આજે મારો જન્મ દિવસ છે મને આશીર્વાદ આપો તેમ કહેતા સંગીતાબેને મારે તારી સાથે વાત કરવી નથી તેવો જવાબ આપતા જ ઉશ્કેરાઇને બે સંગીતાબેનને ઉપર એક રાઉન્ડ ફાયરીંગ કરી ભાગી ગયો હતો. ગુનામાં ફરાર રામુ ઉર્ફે કાલુને ક્રાઇમ બ્રાંચની ટીમે ગોડાદરા મહાનંદી સોસાયટીના ગેટ પાસેથી બાતમીને આધારે ઝડપી પાડી તેની પાસેથી દેશી હાથ બનાવટની પીસ્ટલ, બે કાર્ટીઝ મળી કુલ રૂ.૨૫,૧૦૦ની મતા કબ્જે લીધી હતી.

મોટા વરાછાના કોફી બિન કાફેમાં એકાંત માણતાં ૧૦ યુવક-યુવતી મળી આવ્યાં

સુરતઃ મોટા વરાછા સુદામા ચોક સામે એટલાન્ટા કોમ્પલેક્ષમાં કોફી બિન કાફેમાં યુવક-યુવતીઓની અવર-જવર રહેતી હોય આ અંગે માહિતી મળતા પોલીસે આજે કાફે ઉપર દરોડા કાર્યવાહી કરી હતી. કોફી બિન કાફેમાં યુવક-યુવતીઓ એકાંત માણી શકે તે માટે કપલ બોક્ષ બનાવવામાં આવ્યા હોય પોલીસે રેડ કરીને કાફેમાં હાજર ૧૦ થી વધુ યુવક-યુવતીઓને પકડી પોલીસ મથકે લઇ ગઇ હતી. જોકે મોડી રાત સુધી આ મામલે સરથાણા પોલીસે ગુનો નોંધવાની તજવીજ ચાલી રહી હોવાનું જણાવ્યું હતું.

» છેલ્લા પાનાનું શેષ

કોરોનાની સંભવત ત્રીજી...

ત્રીજી વેવની પણ શક્યતા છે. સેકન્ડ વેવના અનુભવથી તૈયારીઓ કરવામાં આવી રહી છે. જેને લક્ષણો દેખાય છે એવા ૭૦ ટકા દર્દીઓ પેનિક થાય છે તે ખૂબ ખોટું છે. તેઓ જો શરીરમાં પાણીનુ પ્રમાણ જાળવી શકે તો તેઓ સામાન્ય દવાથી સાજા થઈ જાય છે. 20 ટકા દર્દીઓને માત્ર ઓક્સિજન સપોર્ટની જરૂર છે. આડ અસર કરતી દવાઓથી દૂર રહેવુ જોઈએ, રેમડેસિવિર લાઈફ સેવિંગ દવા નથી, તેનાથી કોઈના જીવ બચ્યા નથી. સ્ટીરોઇડનો ઉપયોગ ટાળવો જોઈએ.

ડૉ. અતુલ પટેલે વધુમાં કહ્યું કે, મ્યુકર માયકોસિસ થવા પાછળનુ કારણ સ્ટીરોઈડ હોય શકે. આ રોગ વાતાવરણમાં છે. સડેલા શાકભાજી અને કચરામાં મ્યુકર માયકોસિસ હોય શકે છે. જે નાક દ્વારા થાય છે. ડાયાબિટિસ હોય અને કોરોના થતા સ્ટીરોઈડ આપી હોય તો મ્યુકર માયકોસિસ થઈ શકે છે. જો એનુ વહેલુ નિદાન કરવામાં આવે તો દર્દીને બચાવી શકાય છે. જેનો મૃત્યુદર 38 ટકા છે.

પોતે હોસ્પિટલના ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ ડૉ. મર્હીપ દેસાઈએ જણાવ્યું કે, કોવિડ સમય અને દર્દી પ્રમાણે અલગ અલગ સારવાર હોય છે. તમારે પહેલા તકલીફ વિના સિટી સ્કેન કરાવવાની જરૂર નથી. 7 દિવસ પછી જરૂર પડે તો સિટી સ્કેન કે બ્લડ રિપોર્ટ કરાવવો. દર્દીઓએ જાતે સ્ટીરોઈડનો ઉપયોગ કરવો જોઈએ નહીં.

વિશ્વપ્રસિદ્ધ કાર્ડિયોલોજિસ્ટ ડૉ.તેજસ પટેલ જણાવ્યું કે, આ વખતે જે લોકો રિકવર થયેલા તેના હૃદયમા ક્લોટ(લોહીના ગઠ્ઠા) જોવા મળ્યા છે. જો કોઈ દર્દીને છાતીમાં કોમ્પ્લેક્સન જોવા મળે તો ટેસ્ટ કરાવવા જોઈએ. ત્રીજી વેવ આવી શકે છે પણ ક્યારે તે કહી શકાય નહીં. કોવિડ ક્યારેક તો જશે ખરો. સોશિયલ મીડિયામાં આવતી દરેક વાતને માનવી નહીં. જેણે વેક્સિન લીધી હશે તેમનો જીવ બચી જશે. હું વિનંતિ કરું છું કે વેક્સિન એ જીવન જરૂરી છે એમ સમજીને લઈ લેવી જોઈએ.

ટાસ્ક ફોર્સમાં આટલા...

પબ્લિક હેલ્થ, ગાંધીનગરના ડાયરેક્ટર ડૉ. દિલીપ માવલંકર, ઝાયડસ હોસ્પિટલ, અમદાવાદના ગ્રાયનેકોલોજીસ્ટ ડૉ. વી.એન.શાહ, ઇન્ફેક્શિયસ ડિસિઝ કન્સલ્ટન્ટ અને સ્ટર્લિંગ હોસ્પિટલ અમદાવાદના ઇન્ફેક્શન ડિવિઝનના ડાયરેક્ટર ડૉ. અતુલ પટેલ, જાણીતા પલ્મોનોલોજીસ્ટ અને સ્ટર્લિંગ હોસ્પિટલના ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ ડૉ. તુષાર પટેલ, યુ.એન. મહેતા ઇન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડીયોલોજીના ડિરેક્ટર અને વરિષ્ઠ તબીબ ડૉ. આર. કે. પટેલ અને અપોલો હોસ્પિટલના ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ ડૉ. મર્હીપ દેસાઈનો સમાવેશ થાય છે.

સુરતમાં ૨૫૯૬ની માંગ...

સત્તાધિશો તરફથી ૨૧૪ વેન્ટિલેટર, ૩૯૭ બાયપેપ, ૧૯૫૬ જેટલા દર્દીઓ ઓક્સિજન ઉપર હોવાથી રેમડેસિવર ઇન્જેક્શનની માંગણી કરી હતી. જેની સામે જિલ્લા કલેક્ટરની ટીમ દ્વારા ૨૬૧૦ ઇન્જેક્શન ફાળવી આપ્યા હતા, જેમાં ખાસ કરીને વેન્ટિલેટર અને બાયપેપના દર્દીઓને પ્રાધાન્ય આપી તમામ ઇન્જેક્શ ફાળવી આપ્યા હતા.

પાટીલજી, તમારા કોર્પોરેટરોને...

શાહ આજે સાંજે રાંદેર ઝોન ઓફીસ ગયા હતા, અને ત્યાં ઝોનલ ચીફ સી વાય ભટ્ટની ગેરહાજરીમાં તેમની કેબીન ખોલાવી, તેમની જ ખુરશીમાં બેસી ગયા હતા. અગાઉ પણ અનેક વિવાદોમાં આવી ચુકેલા ભાજપના મહિલા કોર્પોરેટર વૈશાલી શાહ ઝોનલ ચીફની ખુરશી પર બેસીને અધિકારીની જેમ પાણીના પ્રશ્ને કર્મચારીઓ સાથે મીટીંગ પણ કરી લીધી હતી. આ મુદ્દે તેઓને સમગ્ર બાબતની ગંભીરતાનો પણ ખ્યાલ ન હતો. અધિકારીની ખુરશીમાં શા માટે બેઠા એમ તેઓને પૂછતા એમને કહ્યું હતું કે હું પણ પાણી સમિતિની ઉપાધ્યક્ષ છું. ઉપાધ્યક્ષ હોવાથી તેઓ ચીફની ખુરશીમાં બેસી શકે એવો એમનો સૂર હતો.

આ મુદ્દે તેઓને કોઈએ રોક્યા કેમ નહિ એમ પૂછતા ઝોનમાંથી જાણવા મળ્યું હતું કે તેઓના તોછડા સ્વભાવને કારણે કોઈ કશું બોલ્યુ ન હતું. ઉલ્લેખનીય છે કે દરેક ઝોનમાં મનપા દ્વારા સ્થાનિક કોર્પોરેટરો માટે અલાયદા રૂમો બનાવવામાં આવ્યા છે. જ્યાં જે તે ઝોનના સભ્યો લોકોના પ્રશ્નો સાંભળે છે. અને ઝોનમાં અધિકારીઓને મળીને એનુ નિરાકરણ લાવે છે. વૈશાલી શાહ કોર્પોરેટરો માટેના આ રૂમમાં બેસવાનુ ટાળ્યુ હતું અને સીધા જ ઝોનલ ચીફની કેબીનમાં, તેમની જ ખુરશી ઉપર બેસીને અધિકારીઓને સૂચનાઓ આપી હતી. જે જે સોસાયટીના પાણીના પ્રશ્નો છે ત્યાં જાતે જઈને મળવા માટે અધિકારીઓને [illegible] તાકીદ પણ કરી હતી. અગાઉ પણ પોતાના ઘરની બાજુમાં ચાલતા મુડળના કાર્યક્રમને અટકાવી, અધિકારીઓને બોલાવી તેઓએ સ્ટેજ તોડાવી નાંખ્યુ હતું. ચૂંટાયેલા કોર્પોરેટરને ઝોનલ ચીફની ખુરશીમાં બેસેલા જોઈને ઝોનનો સ્ટાફ પણ ચોંકી ઉઠ્યો હતો. આ વાત રાંદેર ઝોનથી સાથે મુગલીસરા મનપા કચેરી ખાતે પણ ચર્ચાનો વિષય બની ગઈ હતી.

મારો ઇરાદો નહોતો...

લોકોના પાણી સહિતના પ્રશ્નો લઈને ઝોનલ ચીફ સી વાય ભટ્ટને જ મળવા ગઈ હતી. તેઓ હતા નહિ, પણ મને ધ્યાન જ ન રહ્યું અને હું તેઓની ખુરશીમાં બેસી ગઈ. મારો એવો કોઈ ઇરાદો ન હતો.

ટોસિલિઝુમેબના કાળા...

વડી ઉમરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. દરમિયાન આજે પોલીસે રસીક ક્યોરીયાને કોર્ટમાં રજૂ કરીને ૭ દિવસના રિમાન્ડની માંગણી કરતા કોર્ટે ૨ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા. એસઓજીની ટીમે વેસુ ચાર રસ્તા મૈત્રીય હોસ્પિટલ પાસે ટ્રેપ ગોઠવીને રૂ.૪૦ હજારનું ટોસિલિઝુમેબ ઇન્જેક્શન રૂ.૨.૭૦ લાખમાં આપવા આવેલા ટ્રાન્સ્ટાર હોસ્પિટલમાં નોકરી કરતી નર્સ હેતલ ક્યોરીયાના પિતા રસીક ક્યોરીયા (રહે. ફ્લેટ નં.૧૦૦૧, શ્રીગણેશ રેસીડેન્સી, એમઆઇજી હાઉસિંગ બોર્ડ, મધ્રશપુરા, અમરોલી) ને ઝડપી લીધા હતા. આજે તેને ઉમરા પોલીસે કોર્ટમાં રજૂ કરીને ૭ દિવસના રિમાન્ડની માંગણી કરતા રસીક ક્યોરીયા તરફે એડવોકેટ ઝમીર શેખે હાજર રહી દલીલ કરી હતી કે પોલીસ કસ્ટડીની કોઈ જરૂર નથી. આ કેસ ડોક્યુમેન્ટરી એવીડન્સ નો કેસ છે.

ટોસિલિઝુમેબ ઇન્જેક્શન ઉપર બેચ નંબર હોય છે તેથી ખબર પડી જાય કે ક્યાંથી આવ્યું. રીકવરી અને ડિસ્કવરી તેમજ અન્ય આરોપીઓની ધરપકડ માટે રિમાન્ડ આપવા જોઈએ નહીં તેવા જજમેન્ટ રજૂ કર્યા હતા. કોર્ટે બંને પક્ષની દલીલો બાદ ૨ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

કોરોના મહામારીની તિવ્રતા...

નાથી શકે છે. આ મુદ્દે મેયર સહિતના પદાધિકારીઓ વિચારણા બાદ નિર્ણય કરશે.

વધુમાં, આજથી દરેક ઝોની સંકલન બેઠક મનપા ખાતે શરૂ કરી દેવામાં આવી છે. આજે અઠવા ઝોનની સંકલન બેઠક બોલાવવામાં આવી હતી. મેયરની અધ્યક્ષતામાં પદાધિકારીઓ, કમિશ્નર સહીત ઝોનના અધિકારીઓ સાથે પરિચય કેળવવા અને લોકોના પડતર પ્રશ્નોના ત્વરિત ઉકેલ માટે આ બેઠકોનો દોર શરૂ કરાયો છે. એક સપ્તાહ રોજેરોજ એક એક ઝોનની બેઠક મળશે.

સુરતમાં નવા કેસ...

સંખ્યા વધી છે. શહેર અને જિલ્લામાં આજે એક જ દિવસમાં કુલ ૨૧૮૫ દર્દીઓ કોરોનાને હરાવી સ્વસ્થ થઈ ગયા હતા. શહેરના ૧૮૦૭ અને જિલ્લાના ૩૭૮ દર્દી મળી કુલ ૨૧૮૫ દર્દીઓને આજે ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

આરોગ્ય વિભાગ પાસેથી મળતી વિગતો અનુસાર આજ સુધીમાં સુરત સિટીમાં કુલ ૧૦૧૧૯૮ અને જિલ્લામાં ૨૭૯૪૫ કેસ મળી કુલ પોઝિટીવ દર્દીઓની સંખ્યા ૧૨૯૮૯૩ ઉપર પહોંચી છે. જેની સામે કોરોનાની સારવાર લઈને સુરત સિટીના ૯૧૨૯૪ અને જિલ્લાના ૨૩૩૨૮ મળી કુલ ૧૧૪૬૨૨ દર્દીઓ સારા થઈ જતા તેમને ડિસ્ચાર્જ કરાયા હતા. કોરોનાની બીજી લહેરે સુરત શહેરને હચમચાવી નાખ્યું હતું. ગત માર્ચ ૨૦૨૦માં સુરત શહેર અને જિલ્લામાં ૨૦૦ થી ૩૦૦ જેટલા કેસ નોંધાતા હતા જે સંખ્યા એપ્રીલ ૨૦૨૧માં વધી ગઈ હતી. મોતનો આંકડો પણ પહેલા જેટલો રહેતા અનુભવી રહ્યા છે. શહેર અને જિલ્લામાં આજે કુલ ૧૧ મોત નોંધાયા છે.

નવી સિવિલ હોસ્પિટલમાં કાર્યરત કોવિડ-૧૯ હોસ્પિટલ અને સ્મિમેર હોસ્પિટલમાં કોરોનાની સારવાર લેતા દર્દીઓ પૈકી કુલ ૫૮૨ દર્દીઓની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યુ છે. સિવિલ હોસ્પિટલમાં પોઝિટીવ નોંધાયેલા ૩૯૯ દર્દીઓ પૈકી ૧૯ દર્દી વેન્ટીલેટર ઉપર, ૨૦૨ દર્દીઓ બાયપેપ સપોર્ટ ઉપર જ્યારે ૧૩૧ દર્દીઓ ઓક્સીજન ઉપર છે. જ્યારે સ્મિમેર હોસ્પિટલમાં સારવાર હેઠળના ૨૦૮ દર્દીઓ પૈકી ૨૯ દર્દીઓ વેન્ટીલેટર ઉપર, ૩૮ દર્દીઓ બાયપેપ સપોર્ટ અને ૯૨ દર્દી ઓક્સીજન ઉપર છે. બંને હોસ્પિટલ મળી કુલ ૫૮૨ દર્દીઓની હાલત ગંભીર છે.

શહેરની નવી સિવિલ હોસ્પિટલ અને સ્મિમેર હોસ્પિટલમાં મોતને ભેટેલા કોવિડ પોઝિટીવ, કોવિડ-સસ્પેક્ટેડ તેમજ નેગેટીવ મળી કુલ ૪૫ મૃતદેહોના કોવિડ ગાઇડલાઇન પ્રમાણે અંતિમ સંસ્કાર કરાયા હતા. બિનસત્તાવાર નવી સિવિલ હોસ્પિટલમાં આજે ૨૩ અને સ્મિમેર હોસ્પિટલમાં ૨૨ મળી કુલ ૪૫ મોત થયા છે.

ટોરેન્ટ પાવર લીમીટેડ
જાહેર નોટિસ

ટોરેન્ટ પાવર લીમીટેડ, અમદાવાદ, દ્વારા GERC (Procurement of Energy from Renewable Sources) Regulations, [illegible] (અરજી નં ૧૯૦૫/૨૦૨૧) નામદાર ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન સમક્ષ દાખલ કરેલ છે.

નામદાર કમિશનના આદેશ અનુસાર, [illegible] http://www.torrentpower.com/index.php/regulatory/renewable પર ઉપલબ્ધ છે.

[illegible]

ટોરેન્ટ પાવર લીમીટેડ
"સમન્વય", ૬૦૦, ટપોવન,
આંબાવાડી, અમદાવાદ - ૩૮૦ ૦૧૫
CIN: L31200GJ2004PLC044068
તારીખ: ૧૧મી મે, ૨૦૨૧

ટોરેન્ટ પાવર લીમીટેડ વતી
સહી/-
[illegible]
(કોર્પોરેટ અફેર્સ)

જાહેર નોટીસ / જાહેર ચેતવણી

[illegible]

સ્થળ : સુરત તા. ૧૦.૦૫.૨૦૨૧
અમારી સૂચના અને ફરમાવ્યાથી
સહી/- [illegible]

ધનરાજ ડી. નકુમ - એડવોકેટ
[illegible], સુરત.

જાહેર નિવિદા નં.૧૩/૨૦૨૦-૨૧ (ત્રીજો પ્રયત્ન)
પંચાયત(મા.મ.)વિભાગ જિલ્લાપંચાયત ભવન, આહવા-ડાંગ

કાર્યપાલક ઇજનેરશ્રી પંચાયત (મા×મ) વિભાગ ડાંગ-આહવાના ફોન નં.૦૨૬૩૧-૨૨૦ ૩૦૯ દ્વારા ઇ-ટેન્ડરીંગ પદ્ધતિથી બોર્ડર વિલેજ યોજના (TASP) વર્ષ ૨૦૨૦-૨૧ના કુલ ૩(ત્રણ) કામો અંદાજીત રકમ રૂ.૧૦.૦૦ લાખ સુધીના ટેન્ડરો મંગાવવામાં આવેલ છે.

જે ટેન્ડરના દસ્તાવેજો વેબસાઇટ "http://gsrrda.nprocure.com" તા.૨૦-૦૫-૨૦૨૧ ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે.

કાર્યપાલક ઇજનેર
ડાંગ પંચાયત (મા×મ) વિભાગ
આહવા

ક્રમાંક: માહિતી/ડાંગ/૧૯/૨૦૨૧

CLASSIFIED

જોઇએ છે
કોમ્પ્યુટર એકાઊન્ટન્ટ-(૧)
અને માર્કેટીંગ
અનુભવી સેલ્સમેન-(3)
અડાજણ,વિશાલભાઇ
8488853588

સર્વિસ અને રીપેરીંગ
દરેક કંપનીની
ઘરઘંટી રીપેર કરી
આપવામાં આવશે.
નરેન્દ્ર જી. પટેલ
9081103181

શ્રી કૃષ્ણ મુરારી
૧૦૧% દરેક કાર્ય ધાર્મિક વિધીથી કરવામાં આવશે. નિરાશ થયેલા ખાસ ફોન કરો.
તુટેલા પ્રેમ-સગાઇ સંબંધ જોડવા માટે શું તમારા છોકરી કે છોકરા કોઇના પ્રેમ/ વશમાં પડેલા છે?
ખવડાવેલુ, પીવડાવેલું, મેલીવસ્તુ, બિમારી, લવમૈરેજ કોઇનું કરેલું, ખોરેલી વ્યક્તિનું મિલન
Love Problem, Breakup, All Love Solution
[illegible]
અડાજન, સુરત
9998500871

સેક્સ સમસ્યા
નપુંશકતા, શીઘ્રપતન,
ઢીલાપણું, ગુપ્તરોગ, નિસંતાન,
દારૂ, તમાકુ, ડ્રગ્સ છોડાવો
તથા તમામ જુના ન મટતા
રોગો ૧૦૦ % આડઅસર
વગરની ભારત તથા જર્મનીની
હર્બલ સારવાર,
ડો.વિજય કોઠારી, સુરત
9327337410
9624636457

જોઇએ છે
સચિન GIDCમાં ડાઇના
કામના અનુભવી VMC
ઓપરેટર-૨, ટર્નર-૧,
ફિટર-૧, જોઇએ છે
આકર્ષક પગાર
9737196795

ખાસ નોંધ
ક્લાસિફાઇડમાં પ્રગટ થતી જાહેરખબરમાંની હકીકતોમાં ખરાપણાની ખાતરી કરવામાં આવતી નથી અને વેચાણની સંપત્તિ માટે રજુ કરેલ પ્રસ્તાવ માટે ગુજરાત ગાર્ડિયન કોઇપણ પ્રકારે જવાબદાર નથી.